CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૭૪
તા.૨૧-૦૪-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ ચૈત્ર વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૫ સૂર્યાસ્ત : ૦૭:૦૧

તાપમાન
ડીસા ૪૩
અમદાવાદ ૪૧.૩
ગાંધીનગર ૪૨
વડોદરા ૩૯.૩
સુરત ૩૨.૪
નલિયા ૩૬.૬

ચાંદી : ૪૨૫૦૦ સોનું : ૨૯૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

ડીસા,સુરેન્દ્રનગર,રાજકોટમાં ગરમી ૪૩ને પાર

ગરમીનો પ્રકોપ જારી : અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૩ થયું હોવા છતાંપણ તાપમાં કામ વગર નીકળવા લોકોએ ટાળ્યું

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ગરમીનું પ્રમાણ આજે ઘટ્યું હતું. બુધવારની સરખામણીમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૩ રહ્યું હતું. છતાં પણ બપોરના ગાળામાં લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. જરૂરી કામના સીલસીલામાં તીવ્ર ગરમી વચ્ચે જે લોકો બહાર નીકળ્યા હતા તે પણ સાવધાન રહ્યા હતા અને ગરમીથી બચવા માટેના ઉપાય કરતા નજરે પડ્યા હતા. આજે રાજ્યમાં સૌથી વધુ તાપમાન ડીસામાં રહ્યું હતું. ડીસામાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગરમાં પણ પારો ૪૩ રહ્યો હતો. રાજકોટમાં પણ પારો ૪૩ રહ્યો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીનું પ્રમાણ અકબંધ રહ્યું છે. હવામાન વિભાગ તરફથી હીટવેવની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. જેથી તંત્રને રાહત થઈ છે પરંતુ નિષ્ણાત તબીબો દ્વારા પણ તીવ્ર તાપમાનની વચ્ચે સાવચેતી રાખવા માટે તમામ લોકોને સલાહ આપવામાં આવી છે. વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હોવા છતાં સાવચેતીના પગલારુપે લોકો બહાર નિકળી રહ્યા નથી. ગરમીના કારણે બપોરના ગાળામાં રસ્તા બિલકુલ સુમસામ દેખાઈ રહ્યા છે. તીવ્ર ગરમી વચ્ચે પંખા અને એસીનો હવે ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગ તરફથી લોકોને બપોરના સમયે કામ વગર બહાર ન નિકળવાની સલાહ આપવામાં આવી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય.લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. ગરમીથી લોકોને રાહત મળે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓની સાથે સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ એકશન પ્લાનને અમલી કરવામાં આવ્યો છે. વેપારીઓ અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોને ગરીબ અને શ્રમિક વિસ્તારોમાં કોથળા, કંતાન વગેરે પુરા પાડવાની પણ સૂચના આપવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રક્ષણ આપવા માટે ખાસ પગલા લેવામાં વ્યસ્ત છે. તીવ્ર હીટવેવની સ્થિતિના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ જુદા જુદા પગલાં લોકોને રાહત આપવા માટે લેવામાં આવી ચુક્યા છે. તીવ્ર ગરમીના કારણે પેટમાં દુખાવા, ચક્કર આવવા, બેભાન થઈ જવાના બનાવોમાં વધારો થયો છે. તબીબો પણ હાલ સૂચનો કરી રહ્યા છે. લોકો પણ જરૂરી સલાહ મુજબ જ આગળ વધી રહ્યા છે.

હાલો માડી, કાળઝાળ ગરમીમાં છાંયો- પાણી ને ઘાસચારો મળે ત્યાં ધામા નાખીએ...


યશપાલસિંહ ટી.વાઘેલા

ગુજરાત સહિત દેશના કેટલાક ભાગમાં સૂર્ય નારાયણનો પ્રકોપ બેફામ વધ્યો છે ને ગરમીનો આંક ૪૫ થી ૪૬ વચ્ચે પહોંચ્યો છે ને હજુ બે ચાર દિવસ ગરમીનો અંક વધી શકે તેવી દહેશત હવામાન ખાતા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે, માનવીય સ્વાર્થમાં ગૌચર- જંગલોનો નાશ થયો છે ત્યારે અબોલ જીવોને વધુ કષ્ટ ભોગવવું પડે છે. સેવાભાવી સંસ્થાઓ- લોકો અબોલ જીવોને પાણી- ચણ- ઘાસચારો- છાંયડો મળે તેવા પ્રયત્ન અવશ્ય કરે છે પણ સરકારી ખાતાને જે જવાબદારી સોંપવામાં આવી છે તે વન- પર્યાવરણ જાળવણીમાં ક્યાં ગેરરીતિના ભોરીંગના ભરડામાં બધુ નષ્ટ કરાવી રહ્યા છે. નદીપટમાંથી રેત ખનન, પહાડના પથ્થરો... જંગલો-હાઈ- વે, ગામ નગરતળના વર્ષો જુના વૃક્ષો.. રીંછ.. દીપડા- સિંહ ખોરાકની શોધમાં ક્યાં રખડતા આવી ચડે ત્યારે બેબાકળો બનતો માનવી અબોલ જીવોની વેદના કેમ સમજતો નથી? કાળઝાળ ગરમીમાં એક ગોપાલક પોતાના અબોલ જીવોને અન્ન જળ પાણી હશે ત્યાં વિસામો કરશું તેવી હૈયાધારણા આપતો લઈ જતો હોય તેવું કેમેરાની આંખે કંઈક દ્રશ્ય ઝડપાઈ ગયું... ગૌ માતા કી જય...આ ગોપાલક જેવી સમજ દરેક ગૌમાતાના ભક્તોમાં આવે તો??? ગૌ- ગૌવંશ આજે દરેક ગામડાં- નગર- મહાનગરોની સમસ્યા બની છે જેને માટે ખરેખર જવાબદાર કોણ??? ગૌચર- ખરાબાની જમીનો કોના કબજામાં?? આવા તત્વોને જાહેરમાં ગામ- નગરજનોએ સજા કેમ ન કરવી જોઈએ?? ખેતીમાં ક્યાંક બળદનો ઉપયોગ કરો. કોઈક તો ગૌમાતાની સાચી બુમરાડ સાંભળો કે પછી ચૂંટણી ટાણે રામ મંદિરને ગૌ માતા હિન્દુ... જય હો...

વિચાર વૈભવ...

એકાંતની ઉપાસના

ઉપાસનામાં એકાંતની જરૂર પડે છે એ વાત સાચી પરંતુ એકાંત સ્વયં એક ઉપાસ્ય સ્થિતિ છે. એકાંતમાં આપણે આપણી જાત સાથે વાત કરી શકીએ છીએ. હરિઓમ આશ્રમવાળા પૂજ્ય મોટા તો એકાંતના પ્રખર પુરસ્કર્તા હતા. આજે પણ એમના નડિયાદના આશ્રમમાં છ- છ મહિના અને બાર- બાર મહિના ઘોર એકાંતવાસ સેવનારા તેમના અનુયાયીઓનો એક મોટો વર્ગ છે. ત્યાં વ્યવસ્થા જ એવી છે કે તમારે આ એકાંતવાસ દરમિયાન કોઈના સંપર્કમાં આવવું ન પડે. એકાંત આપણને ચિંતન કરવાનો જે અવકાશ પામે છે તે દુર્લભ છે. આપણામાંના ઘણા લોકો એવા છે જેઓ જીવનની દૈનિક ઘટમાળમાં ભાગ્યે જ એકાંતને પામી શકે છે. સ્વસ્થ ચિત્તે આસન સિદ્ધ કરીને એકાંતનો અનુભવ કરનારા લોકો પોતાના મનને વિશુદ્ધરૂપે પામે છે. શરીરને સ્નાન કરાવવા માટે મહદ્ અંશે આપણે જેમ એકાંતનો ઉપયોગ કરીએ છીએ તેમ મનને સ્નાન કરાવવા માટે પણ એકાંતનો ઉપયોગ જરૂરી છે. એકાંતનો અભિષેક થયા વિનાનું મન વિશુદ્ધ હોઈ શકે નહિં. ઊંઘ દરમિયાન આપણે દુનિયાથી વિખુટા પડી જઈએ છીએ ખરા પરંતુ એ એકાંત તો બેભાન અવસ્થાનો હોય છે. સભાન અવસ્થાનો એકાંત જ આપણા નૈતિક, આધ્યાત્મિક અને વૈચારિક વિકાસને વેગ આપી શકે છે.

ગિજુભાઈ ભરાડ

સાર સમાચાર...

યુપી : સરકારી અધિકારીઓના આવાસ પર વ્યાપક દરોડા

કાનપુર

ઈન્કમટેક્સ વિભાગની જુદી જુદી ટીમો દ્વારા સરકારી અધિકારીઓના આવાસ ઉપર આજે વ્યાપક દરોડા પાડવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. સરકારી અધિકારીઓના આવાસ ઉપર દરોડા બાદ કરોડો રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. દરોડાની કાર્યવાહીથી સરકારી અધિકારીઓમાં દહેશત ફેલાઈ ગઈ હતી. વહેલી સવારથી જ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાનપુરથી લઈને નોઈડા સુધી અનેક જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા હતા. જંગી સંપત્તિઓની વિગત હાંસલ થઈ છે. આ કાર્યવાહી બાદ તમામ સરકારી વિભાગોમાં અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ વ્યાપક ચર્ચા જોવા મળી રહી છે. આ દિશામાં માયાવતીની અવધિમાં નોઈડા ઓથોરિટીમાં ઓએસડી યશપાલ ત્યાગીના નોઈડા સહિત ચાર સ્થળો પર ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડ્યા હતા. એવી શંકા છે કે આનાથી બિલ્ડર અને નેતાઓના સંબંધ રહેલા છે. એમ માનવામાં આવે છે કે માયાવતીના ભાઈ આનંદની સાથે તેમના નજીકના સંબંધો હતા. એવા આક્ષેપ છે કે ગ્રેટર નોઈડા અને યમુના એક્સપ્રેસ વેની ફાળવણીમાં ભૂમિકા હતી. ઓથોરિટીના પૂર્વ ચેરમેન મોહીન્દરસિંહના વિશ્વાસપાત્ર ગણાતા યશપાલ ઉપર પણ આક્ષેપ છે કે ઓએસડી હોવા છતાં ૧૫૫ ફાર્મહાઉસ અને ૩૦૦ કોર્પોરેટ ઓફિસ એલોટમેન્ટમાં પણ વચેટીયાઓની ભૂમિકા હતી. આ અગાઉ મંગળવાર અને બુધવારના દિવસે કાનપુર-નોઈડામાં આઈટીએ વ્યાપક દરોડા પાડ્યા હતા. જેમાં ઈન્કમટેક્સ વિભાગને મોટા પ્રમાણમાં રોકડ રકમ મળી આવી હતી.

શ્રમપ્રધાન બંદારૂ દત્તાત્રેય દ્વારા જાહેરાત કરાઈ

ઈપીએફ ઉપર ૮.૬૫ ટકાના વ્યાજદરને લીલીઝંડી અપાઈ

તરત જાહેરનામું જાહેર કરાશે અને ચાર કરોડથી વધુ ધારકોને ૮.૬૫ ટકાનો વ્યાજદર અપાશે : ઓછા વ્યાજદરની ફોર્મલ સેક્ટરના વર્કરોની દહેશત દુર

નવી દિલ્હી

શ્રમપ્રધાન બંદારૂ દત્તાત્રેયે આજે કહ્યું હતું કે નાણા મંત્રાલેય વર્ષ ૨૦૧૬૦૧૭ માટે ઈપીએફ ડિપોઝીટ ઉપર ૮.૬૫ ટકાના વ્યાજ દરને લીલી ઝંડી આપી દીધી છે. પ્રધાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે આને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશનની ઈપીએફઓ ટ્રસ્ટીની બેઠકમાં મંજુર કરવામાં આવેલા ૮.૬૫ ટકા કરતા ઓછો વ્યાજ દર મળશે તેવી ફોર્મલ સેકટરના વર્કરોમાં પ્રવર્તી રહેલી દહેશત આની સાથે જ દુર થઈ ગઈ છે. ઈપીએફ ઉપર ૮.૬૫ ટકાના વ્યાજદર નક્કી કરવામાં આવ્યો છે. આનાથી મોટી સંખ્યામાં ગ્રાહકોને સીધો ફાયદો થશે. નાણા મંત્રાલય ૮.૬૫ ટકાના વ્યાજ દર ઉપર સહમત થયું છે. હવે વિધિવત ચર્ચાનો દોર પુરો થઈ ચુક્યો છે. નેશનલ સેફટી એવોર્ડના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાને આ મુજબની વાત કરી હતી. હવે તરત જ જાહેરનામું જારી કરાશે. ચાર કરોડથી વધુ ધારકોને આ વ્યાજદર મળશે. પ્રધાને કહ્યું હતું કે ટેક્સ ફ્રી ગ્રેજ્યુઈટીની મર્યાદા ડબલ કરવા સાથે સંબંધિત ગ્રેજ્યુએટી એક્ટના સુધારવામાં આવેલા બિલને ટૂંક સમયમાં જ મંજુરી માટે કેન્દ્રિય કેબિનેટ સમક્ષ રજુ કરાશે. એમ્પલોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટીએ ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ઈપીએફ ઉપર ૮.૬૫ ટકાના રેટને મંજુરી આપી હતી. અગાઉ વર્ષ ૨૦૧૬-૧૭ માટે એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ પર ૮.૬૫ ટકાના વ્યાજદર સાથે આગળ વધવા શ્રમ મંત્રાલયને નાણામંત્રાલય દ્વારા પરવાનગી આપી દેવામાં આવી હતી. આના કારણે આશરે ૪ કરોડ જેટલા ઈપીએફ સભ્યોને ફાયદો થશે. નાણામંત્રાલયે હાલમાં જ શ્રમ મંત્રાલયના તમામ વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને એવો નિર્ણય લેવાયો હતો કે, ઈપીએફ ઉપર વ્યાજદર ૮.૬૫ ટકા રહેવો જોઇએ. એમ્પ્લોઈઝ પ્રાવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) ટ્રસ્ટી દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ વ્યાજદર ૮.૬૫ ટકા રાખવા શ્રમ મંત્રાલયને મંજુરી આપી દીધી હતી. નાણા મંત્રાલયે શ્રમ મંત્રાલયને કરેલી ભલામણમાં કહેવામાં આવ્યું હતુ કે, વ્યાજદર શુ રાખવો જોઈએ તે અંગે શ્રમ મંત્રાલયે નિર્ણય લેવો જોઈએ. નાણા મંત્રાલયે અગાઉ સૂચન કર્યું હતું કે, ઈપીએફ રેટ ટ્રસ્ટી દ્વારા મંજુર કરવામાં આવેલા દર કરતા ઓછો રહેવો જોઇએ. નાની બચતના દર સાથે આ વ્યાજદરને સંતુલનમાં જાળવવાની વાત કરવામાં આવી હતી.

શ્રમ પ્રધાન બંદારુ દત્તાત્રેયે ભારપૂર્વક કહ્યું છે કે, ઈપીએફઓ ગ્રાહકો વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૮.૬૫ ટકાનો વ્યાજદર મેળવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીએ ૮.૬૫ ટકા વ્યાજદર આપવાનો નિર્ણય કર્યો હતો. આમારા મંત્રાલયો દ્વારા નાણાં મંત્રાલય સાથે સતત ચર્ચા કરી હતી. ૮.૬૫ ટકાનો વ્યાજદર આપવા માટે ૧૫૮ કરોડ રૂપિયા પહેલાથી જ પડેલા છે. નાણા મંત્રાલય તરફથી વ્યાજદરને મંજુરી મળી ગયા બાદ ઈપીએફઓના સભ્યોના ખાતામાં રકમ જમા કરવામાં આવે છે.

મોદી સરકાર માઈક્રો ક્રેડિટ પ્રોગ્રામ તૈયાર કરશે

૨૦૧૯ સુધીમાં તમામ ગરીબોને સરળ શરત ઉપર લોન અપાશે

નવી દિલ્હી

કેન્દ્રની મોદી સરકાર એક માઈક્રો ક્રેડિટ પ્રોગ્રામ ઉપર કામ કરી રહી છે. જેથી ગ્રામીણ વિસ્તારના પરિવારને ગરીબીમાંથી બહાર નિકળવામાં મદદ કરવામાં આવશે. દરખાસ્ત એ છે કે આગામી ત્રણથી પાંચ વર્ષમાં પ્રતિ કલાક એક લાખ રૂપિયા સુધી લોન આપવામાં આવશે. આના બદલે કોઈ ચીજ પણ ગીરવી મુકવામાં આવશે નહીં. આ લોન ઉપર લાગનાર વ્યાજમાં સરકાર તરફથી સબસીડી પણ આપવામાં આવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલયના સચિવ અમરજીત સિંહાએ કહ્યું છે કે અમે લોન લેવાની પ્રક્રિયા સરળ કરી ચુક્યા છીએ. અમે દરેક પરિવારના આજીવિકાના સાધનોની વિગતો એકત્રિત કરી રહ્યા છીએ. જેથી આજીવિકાના સાધન ઉપર વિગત એકત્રિત કરવામાં આવી રહી છે. આના ભાગરૂપે લોન આપવામાં આવતા સામાજિક, આર્થિક અને જાતિ ગણનામાં આશરે ૮.૫ કરોડ ગરીબ પરિવારોની ઓળખ કરી લેવામાં આવી છે. વર્ષ ૨૦૧૯ સુધી આ પરિવારોને યોજના સાથે જોડી દેવામાં આવશે. હકીકતમાં સરકાર બેંક લીન્કેજ ડબલ કરવા ઈચ્છુક છે. જેથી દર વર્ષે ૬૦ હજાર કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે. આનાથી ૨૦૧૯ સુધી વંચિત ગ્રામીણ પરિવારો માટે આજીવિકાની વ્યવસ્થા કરવામાં આવશે.

પાલનપુર કોર્ટનો મહત્વ પૂર્ણ ચુકાદો

રૂા.૨૦ લાખના ચેક રીર્ટન કેસના આરોપીને એક વર્ષની કેદની સજા

ફરીયાદીને ત્રીસ દિવસમાં ચેકની રકમ ન ચૂકવે તો વધુ એક વર્ષની સજા

પ્રતિ. છાપી

પાલનપુરમાં ખેતીનો વ્યવસાય કરતા એક ઈસમ પાસે તેના વેપારી મિત્ર પાસે હાથ ઉછીના રૂા.૨૦ લાખ લીધા હતા જો કે સમય મુજબ રકમ પરત ન કરતા ફરીયાદીએ ચેક રીર્ટનની ફરીયાદ કરતા ચેક રીર્ટનનો કેસ ના. કોર્ટમાં ચાલી જતાં ચેક રીટર્નના આરોપીને કોર્ટે એક વર્ષની સજા ફટકારતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુરમાં રહેતા દિનેશભાઈ બેચરભાઈ પટેલ વ્યવસાય ખેતી તેમજ કન્ટ્રક્શનનો ધંધો કરે છે તેમના પાસે તેમના મિત્ર હીરેનકુમાર વિષ્ણુપ્રસાદ ઉર્ફે અરવિંદભાઈ રાવલે ખેતીના ધંધામાં વિકાસ કરવા અને બટાટાનું વાવેતર કરવા રૂ.૨૦ લાખ ઉછીના ત્રણ માસના વાયદે લીધા હતા. જોકે ઉછીના લીધેલા નાણાં સમયસર પરત ન આપતા ફરીયાદીને આપેલ ચેક બેન્કમાં ભરતા ચેક રીટર્ન થતાં દિનેશભાઈ ચૌધરીએ ચેક રીર્ટનનો કેસ પાલનપુરના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કરેલ. ફરીયાદી પક્ષે એડવોકેટ રસીકલાલ એમ.મોઢ અને શિલ્પાબેનની ધારદાર દલીલોને ધ્યાને રાખી આરોપીને ધી નેગોશી એબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ આરોપી હીરેન અરવિંદભાઈ રાવલને એક વર્ષની સાદી કેદ અને ફરીયાદીને ત્રીસ દિવસમાં ચેકની રકમ ચૂકવી આપવા કોર્ટે હુકમ કર્યો હતો. જો ચેકની રકમન ન ચુકવે તો વધુ એક વર્ષની કેદની સજા હુકમ નામદાર ન્યાયાધીશ પૂર્વજીતસિંહ પી.જાડેજા એ કર્યો હતો.

થરાદમાં ટ્રાન્સપોર્ટની દુકાનમાંથી રૂા.૯૫ હજારની ઉઠાંતરી

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના મહાજન પુરા ખાતે રહેતા હરેશભાઈ અભેરામભાઈ જોષી થરાદ હાઈવે પર માર્કેટયાર્ડ સામે ભવાની ટ્રાન્સપોર્ટ નામે દુકાનમાં રેતી તથા કપ્ચીનો વેપાર કરે છે. તેઓએ મંગળવારે સવારે રેતી કપ્ચીના આવેલા હિસાબના રૂા.૯૫ હજાર ભરેલી બેગ દુકાનમાં મુકી હતી. અને દુકાનની પાછળ ટ્રેક્ટરમં રેતી ભરાવવા ગયા હતા. બાદમાં પરત આવતા દુકાનમાં રૂા.૯૫ હજારની રોકડ ભરેલી બેગ ગુમ થઈ ગયેલી હતી અને દુકાનનો દરવાજો પણ ખુલ્લો હતો. જેથી બેગની ઉઠાંતરી કરનાર અજાણ્યા શખ્સ સામે થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પાલનપુર હાઈવેની હોટલમાં રાજકોટના યુવકનો આપઘાત

હોટેલ કેપલમાં પંખાથી લટકી જીવન લીલા સંકેલી લીધી

સંજય જોષી

પાલનપુર

પાલનપુર હાઈવે પરની એક હોટલમાં રોકાયેલા રાજકોટના યુવકે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. દરમિયાન, પાલનપુર પશ્ચિમ પોલીસે મૃતદેહને પી.એમ. માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.પાલનપુર હાઈવે સર્કલ પાસે અમદાવાદ હાઈવે પર આવેલી હોટલ કેપલમાં રાજકોટના શિવમનગર ખાતે રહેતો નરેન્દ્રકુમાર નાથાભાઈ પરમાર નામનો ૩૯ વર્ષીય યુવાન ગતરોજ રોકાયો હતો. સબમર્સીબલ કંપનીમાં કામ કરતા આ યુવકે ગત રાત્રે હોટલ ના રૂમમાં રહેલા પંખા પર લટકી આપઘાત કરી લીધો હતો.

દરમિયાન, હોટલના મેનેજરને જાણ થતા પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે જઈ લાશ નો કબ્જો લીધો હતો. પોલીસે મૃતદેહને પી.એમ.અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે આ યુવકના આપઘાત પાછળનું રહસ્ય અકબંધ રહ્યું છે. જે પોલીસ તપાસમાં બહાર આવે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

CMYK